# કરુણામય સ્વાગત

## સ્વામી સિદ્ધાનંદ

વર્ષ ૧૯૭૨માં હું શિકાગો પાસે આવેલી એક કૉલેજમાં પ્રયોગાત્મક કાર્યક્રમમાં ભારતીય દર્શનશાસ્ત્ર અને રહસ્યવાદ વિશે શીખવી રહી હતી. હું જે પ્રાચીન યૌગિક શાસ્ત્રો વિશે શીખવતી હતી, તેમાં વર્ણિત ચેતનાની અવસ્થાનો પ્રત્યક્ષ અનુભવ કરવામાં મને રુચિ થઈ અને મેં નક્કી કર્યું કે જો મારે કોઈ મહત્ત્વપૂર્ણ વિકાસ કરવો હોય તો મારે એક ગુરુને શોધવા જ પડશે. તેથી મારા બાર વિદ્યાર્થીઓ સાથે મેં ભારતની બે મહિનાની અધ્યયન યાત્રાનો કાર્યક્રમ બનાવી લીધો. આ અધ્યયન યાત્રામાં બની શકે કે તેમને રહસ્યવાદ, ધ્યાન અને ભારતની સંસ્કૃતિ વિશે વધારે શીખવા મળે — અને કદાચ મને એક સદ્‌ગુરુ મળી જાય.

મારા એક મિત્ર હતા જે ૧૯૭૦માં કેલિફોર્નિયામાં બાબાજીને મળ્યા હતા. અમારી યાત્રા આરંભ થવાના થોડા જ સમય પહેલાં તેમણે મને સલાહ આપી, “સ્વામી મુક્તાનંદને જરૂર મળજો!” મેં તેમની સલાહ માની લીધી અને અમારો પહેલો પડાવ બાબાજીના આશ્રમમાં કરવાનો નિશ્ચય કર્યો. મને જણાવ્યા વગર જ મારા આ મિત્રે બાબાજીને એક પત્રમાં લખી મોકલ્યું કે અમેરિકાના વિદ્યાર્થીઓનો એક સમૂહ તેમની ભારતયાત્રા દરમ્યાન તેમને મળવા આવશે.

૨૫ માર્ચ, ૧૯૭૨ના દિવસે અમે એરપોર્ટથી એક એસ.ટી. બસમાં બેસીને તે સમયના શ્રી ગુરુદેવ આશ્રમ પહોંચી ગયા, જે હવે ગુરુદેવ સિદ્ધપીઠના નામે ઓળખાય છે. એ બસ કામ પર જનારાં લોકોથી ભરેલી હતી, કેટલાંક લોકો બજારમાં વેચવા માટે વસ્તુઓથી ભરેલા ટોપલાઓ લઈને જઈ રહ્યાં હતાં અને કેટલાંકની પાસે તો બેંઽઽઽ બેંઽઽઽ કરતા મોટા-મોટા બકરાઓ હતાં.

મારા વિદ્યાર્થીઓ અને હું એકદમ અલગ દેખાઈ રહ્યાં હતાં, અમે અમારી પેઢીના નવયુવાનોની જેમ કપડાં પહેર્યાં હતાં — ક્યાંક ક્યાંક ફાટેલાં નીલ રંગનાં જીન્સ, મેલાં-ચોળાયેલાં, બાંધણીનાં રંગબેરંગી શર્ટ — અને અમારો બધો સામાન પીઠ પર ટાંગેલી બેગમાં ભરેલો હતો.

આશ્રમના પ્રાંગણ, ગુરુચોકમાં પહોંચીને મેં એક આશ્ચર્યજનક દશ્ય જોયું. ઘણાં બધાં લોકો સાદાં કોટનનાં કપડાં પહેરીને શાંતિથી પ્રાંગણમાં ઊભાં હતાં. તેમાંના એક વ્યક્તિએ અમારી પાસે આવીને અમારું સ્વાગત કર્યું અને પૂછ્યું, “શું તમે બાબાજીને મળવા માગો છો?” અમે ઉત્સાહિત થઈને જવાબ આપ્યો, “જી, હા!”

બાબાજી એક ઊંચા આસન પર બેઠા હતા અને હું જોઈ રહી હતી કે અમે નજીક પહોંચ્યા ત્યારે તેમનું ધ્યાન અમારી તરફ ગયું. જ્યારે અમારો પરિચય આપવામાં આવી રહ્યો હતો ત્યારે બાબાજી અમને ઉપરથી નીચે સુધી જોઈ રહ્યા

હતા. અમને સારી રીતે જોવા માટે તેમણે પોતાના ગોગલ્સ પણ ઉતારી દીધા. પછી તેમનો ચહેરો એક મોટા સ્મિત સાથે ચમકી ઊઠયો અને તેમણે કહ્યું, “હા, હું જાણું છું કે તમે બધાં સારા પરિવારમાંથી આવો છો.”

બાબાજીના શબ્દો સાંભળીને મને ખુશી થઈ. હું સમજી ગઈ કે તેઓ જે કહી રહ્યાં છે, તેનો સંબંધ માત્ર અમારા પરિવાર સાથે નહોતો પણ તેના કરતાં ઘણો વધારે ગહન હતો. ખબર નહીં કેમ પણ મને મહસૂસ થયું કે બાબાજી અમારા હૃદયની અંદર જોઈ શકતા હતા અને એટલા માટે તેમણે અમારી વેશભૂષા મેલી હોવા છતાં એવું કહ્યું કે અમે ભલાં લોકો હતાં, અમારો હેતુ પણ સારો હતો.

બાબાજીએ અમારા નાના સમૂહનું તેમના આશ્રમમાં ખૂબ જ પ્રેમથી સ્વાગત કર્યું. તેમણે અમને રહેવા માટે ઉપરના બગીચામાં એક બંગલો આપ્યો અને અમારાં માટે મરચાં મસાલા વગરનું વિશેષ ભોજન બનાવડાવ્યું.

બીજા દિવસે સવારે, અમે નોટિસ બોર્ડ પર લગાવેલી આશ્રમની દિનચર્યા વાંચી. દિવસ સવારે ૩:૩૦ વાગે શરૂ થઈને રાત્રે ૯:૦૦ વાગે સમાપ્ત થતો. આખો દિવસ અનિવાર્ય પ્રવૃત્તિઓથી ભરેલો હતો — નામસંકીર્તન-સત્રો, ધ્યાન અને સેવા. આખા ભારતમાં બાબાજીનો આશ્રમ તેમના કડક અનુશાસન માટે જાણીતો હતો. આ દિનચર્યા બાબાજીએ પોતે બનાવી હતી જેથી જિજ્ઞાસુઓને તેમની અંતર-આત્માની અનુભૂતિ કરવામાં મદદ મળે.

દિનચર્યા જોઈને મારા વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા. તેમને આ બધું નહોતું જોઈતું, તેથી તેમણે તો ત્યાંથી નીકળી જવા માટે તેમનો સામાન બાંધવાનું શરૂ કરી દીધું. મને લાગ્યું જાણે હું વચ્ચે ફસાઈ ગઈ છું. હું બાબાજી સાથે વધારે સમય રહેવા માંગતી હતી, પણ વિદ્યાર્થીઓ પ્રત્યેની જવાબદારીને કારણે હું જાણતી હતી કે જો વિદ્યાર્થીઓ ગયા તો મારે પણ તેમની સાથે જવું પડશે.

ત્યારે જ અમને બાબાજીનો સંદેશ મળ્યો : “ત્રણ દિવસ અહીં મારા અતિથિ બનીને રહો. તમારે એક જ કાર્યક્રમમાં જવું પડશે અને તે છે ભોજન.”

મારા વિદ્યાર્થીઓ તો બહુ ખુશ થઈ ગયા. આ દિનચર્યા તેમના માટે સરળ હતી. હું પોતે પણ આશ્ચર્ય અને કૃતજ્ઞતાથી ભરાઈ ગઈ કે હું ત્યાં રહી શકીશ અને બાબાજી સાથે વધારે સમય પસાર કરી શકીશ. તેથી અમે અમારી બેગ ખોલી નાંખી અને રૂમમાં ગોઠવાઈ ગયાં.

બાબાજીએ ત્યાં રહેનારી એક વ્યક્તિને અમને આખો આશ્રમ બતાવવા માટે કહ્યું. પછી તેમણે કોઈ બીજી વ્યક્તિને અમને ગણેશપુરી ગામમાં સ્થિત, ભગવાન નિત્યાનંદના મંદિરે લઈ જવા માટે કહ્યું. અને હું અને મારા વિદ્યાર્થીઓ નિયમિતરૂપે બપોરે અન્નપૂર્ણા ડાઇનિંગ હૉલમાં ભોજન કરવાં જતાં, જ્યાં બાબાજીએ અમારાં માટે વિશેષ ભોજનની વ્યવસ્થા કરી હતી. અમે ત્રણ દિવસ આશ્રમમાં ખુશી-ખુશી રહ્યાં.

ભારતની અમારી યાત્રા સમાપ્ત થયા પછી ઘણાં વિદ્યાર્થીઓ સિદ્ધયોગ પથની શિખામણોનું અનુસરણ કરવા લાગ્યા હતા. હું આગળ જતાં સંન્યાસ દીક્ષા લઈને સિદ્ધયોગ સ્વામી બની, અને મેં મારું જીવન શ્રીગુરુની સેવામાં સમર્પિત કરી દીધું.

જ્યારે પણ હું બાબાજી સાથેના મારા એ પ્રથમ દર્શન વિશે વિચાર કરું છું તો મને તેમની અનંત કરુણાની યાદ આવી જાય છે. અમારી પરિસ્થિતિ ભલે જે પણ હતી, તેમની કરુણાને લીધે જ અમે સરળતાથી તેમની કૃપાને ગ્રહણ કરી શક્યાં. એ સર્વોત્તમ સ્વાગત હતું.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.